| | | | | | |
|---|---|---|---|---|---|
| GJJN070024782021 | सत्यमेव जयते | રજુ તારીખ : | 11 | 08 | 2021 |
| | | દાખલ તારીખ : | 11 | 08 | 2021 |
| | | ફેસલ તારીખ : | 14 | 08 | 2026 |
| | | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | | 05 | 00 | 03 |
| | | **આંક :** | | | |

**–:નમુનો–અ:–**

## મહે. જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, મુ.માંગરોળ

**ચુકાદાની તા. ૧૪/૦૮/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૨૨૦૬/૨૦૨૧**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ઈ.પી.કો.કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૫૫૨૧૦૦૬૭/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | શીલ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપી પક્ષ | **મહેશ ઉર્ફે મચલો ભીખાભાઈ વાઢેર,**<br>ઉ.વ.૩૭, ધંધો–મજુરી,<br>રહે. ભાટ સીમરોલી, તા. કેશોદ, જિ.જૂનાગઢ. |
| આરોપીઓ તરફે વિ.વ.શ્રી: | શ્રી.વિ.વ.શ્રી કે.જે.પરમાર |

**–:નમુનો–બ:–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૭/૦૨/૨૦૨૧ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૫/૦૨/૨૦૨૧ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | ૨૪/૦૪/૨૦૨૧ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૮/૧૧/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૧૭/૦૭/૨૦૨૩ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૧૪/૦૮/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | |

## –:આરોપીની વિગત:–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમય ગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | મહેશ ઉર્ફે મચલો ભીખાભાઈ વાઢેર, | ૨૬/૦૨/૨૧ વોરંટના આધારે ફરી ધરપકડની તા.૨૫/૦૫/૨૬ | ૦૯/૪/૨૧ આજદીન સુધી જેલમાં | ઈ.પી.કો. કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ | નિર્દોષ | -- | ૦૨ માસ–૨૦દિવસ |

**−:નમુનો−ક:−**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તરફે સાહેદો:**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૦૮ | રામજીભાઈ રાણાભાઈ માલમની જુબાની | પંચ−સાહેદ |
| પી.૨ | ૧૦ | જીતેન્દ્રભાઈ પુનાભાઈ ભરડાની જુબાની | ફરિયાદી |
| પી.૩ | ૧૭ | ભરતભાઈ મસરીભાઈ કામળીયાની જુબાની | પંચ−સાહેદ |
| પી.૪ | ૧૮ | દિનેશભાઈ ભીખાભાઈ ડાકીની જુબાની | પંચ−સાહેદ |
| પી.૫ | ૨૦ | વેજાણંદભાઈ કાનાભાઈ ચુડાસમાની જુબાની | પંચ−સાહેદ |
| પી.૬ | ૨૧ | જનકભાઈ પુનાભાઈ કીંદરખેડીયાની જુબાની | પંચ−સાહેદ |
| પી.૭ | ૨૩ | મોહનભાઈ નારણભાઈ વાઘેલાની જુબાની | પંચ−સાહેદ |
| પી.૮ | ૨૫ | બચુભાઈ બાબુભાઈ ડાકીની જુબાની | પંચ−સાહેદ |
| પી.૯ | ૨૬ | નાથાભાઈ ઉકાભાઈ કેશવાલાની જુબાની | સાહેદ |
| પી.૧૦ | ૨૭ | ગાંગાભાઈ કરશનભાઈ મોકરીયાની જુબાની | સાહેદ |
| પી.૧૧ | ૨૮ | સરમણભાઈ લખમણભાઈ કેશવાલાની જુબાની | સાહેદ |
| પી.૧૨ | ૨૯ | રામજીભાઈ દેવશીભાઈ મજેઠીયાની જુબાની | સાહેદ |
| પી.૧૩ | ૩૦ | રામભાઈ નગાભાઈ કેશવાલાની | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| | | જુબાની | |
| પી.૧૪ | ૩૧ | પરબતભાઈ લખમણભાઈ કેશવાલાની જુબાની | સાહેદ |
| પી.૧૫ | ૩૨ | દિનેશભાઈ રામદેવભાઈ કેશવાલાની જુબાની | સાહેદ |
| પી.૧૬ | ૩૩ | પ્રવિણભાઈ ખીમાભાઈ કેશવાલાની જુબાની | સાહેદ |
| પી.૧૭ | ૩૪ | કલ્પેશભાઈ વરજાંગભાઈ કેશવાલાની જુબાની | સાહેદ |
| પી.૧૮ | ૩૫ | વિમલભાઈ ઉકાભાઈ વાઢેરની જુબાની | સાહેદ |
| પી.૧૯ | ૩૬ | ગૌતમભાઈ મોહનભાઈ ચુડાસમાની જુબાની | સાહેદ |
| પી.૨૦ | ૩૭ | રમેશભાઈ ખોળાભાઈ સોલંકીની જુબાની | પંચ–સાહેદ |
| પી.૨૧ | ૪૦ | રાજેશભાઈ પરસોતમભાઈ વાઘેલાની જુબાની | પંચ–સાહેદ |
| પી.૨૨ | ૪૨ | કરશનભાઈ લખમણભાઈ પરમારની જુબાની | પંચ–સાહેદ |
| પી.૨૩ | ૪૩ | વીધી કાંતીભાઈ ઉંજીયાની જુબાની | ત.ક.અ./ સાહેદ |
| પી.૨૪ | ૪૭ | રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાની જુબાની | ત.ક.અ./ સાહેદ |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ::**

**અ.ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૦૯ | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૨ | ૧૧ | ફરિયાદ |

| | | |
|---|---|---|
| ડી.૩ | ૧૯ | પંચનામું |
| ડી.૪ | ૨૨ | પંચનામું |
| ડી.૫ | ૨૪ | પંચનામું |
| ડી.૬ | ૪૧ | પંચનામું |
| ડી.૭ | ૪૪ | રવાનગી પત્ર |
| ડી.૮ | ૪૫ | તપાસણી રીપોર્ટ |

**<u>બ. બચાવ પક્ષ</u> :**

| **અનુ ક્ર.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| બ.સ.૧ | ......... | ......... |
| બ.સ.૧ | ......... | ......... |

**<u>ક. ન્યાયાલય પક્ષ</u> :**

| **અનુ ક્ર.** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|
| ન્યા.સ.૧ | ......... | ......... |
| ન્યા.સ.૧ | ......... | ......... |

**ડ.ભૌતિક પદાર્થ :**

| **અનુ. નં.** | **ભૌતિક પદાર્થ સંખ્યા** | **વર્ણન** |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | મુદામાલ પાવતિ નં.૨૪/૨૦૨૧ મુજબ |
| ૨. | ભૌ.પ.૨ | ..... |

**<u>-:: ચુકાદો ::-</u>**

**(૧) ફરીયાદપક્ષના કેસની ટુંક હકીકત :-** ગઈ તા.૧૭/ ૦૨/ ૨૦૨૧ ના કલાક-૦૪/૦૦ વાગ્યાની આસપાસ આ કામના આરોપીએ માં ગરોળ તાલુકાના થલીગામમા દાડમબાપાના મંદિરમા ગે.કા. પ્રવેશ કરી મંદિરની દાનપેટીમા દાન પેટે શ્રધ્ધાળુઓ ધ્વારા ધરવામાં/મુકવામાં

આવેલ રોકડા રૂપિયા ૭,૪૬૦/–ની ચોરી કરી ગુન્હો કરેલ જે બનાવની આ કામના ફરીયાદીએ પોલીસ ફરીયાદ કરેલી.

(૨) **ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપી વિરૂધ્ધ શીલ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી.નં. ૧૧૨૦ ૩૦૫૫૨૧૦૦૬૭/૨૦૨૧ થી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુનો નોંધી તપાસ કરવામાં આવેલ. પોતાની તપાસ દરમિયાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપી વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપી વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૯૦(બી) મુજબ ગુનાની તપાસ કરી આરોપીને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીને બજી જતા આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપી કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામે આંક–૦૫ થી ત્હોમતનામુ ફરમાવી આરોપીની આંક–૦૬ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગો છો તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમથનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થતા આરોપીને ખુલાસો કરવા તક આપવા જેવો પુરાવો જણાઈ આવતા આરોપીના ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબનું નિવેદન લેવામાં આવેલ. જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ હોય તેમજ તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ. એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષના વિ.વકીલ શ્રી કે.જે.પરમારની મૌખિક દલીલો સાંભળી.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદ પક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | **મુદ્દા** |
|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ સ્પષ્ટ અને શંકા રહિત પુરવાર કરે છે કે, ગઈ તા.૧૭/ ૦૨/ ૨૦૨૧ ના કલાક–૦૪/૦૦ વાગ્યાની આસપાસ આ કામના આરોપીએ માંગરોળ તાલુકાના થલીગામમા દાડમબાપાના મંદિરમા ગે.કા. પ્રવેશ કરી મંદિરની દાનપેટીમા દાન પેટે શ્રધ્ધાળુઓ ધ્વારા ઘરવામાં/મુકવામાં આવેલ રોકડા રૂપિયા ૭,૪૬૦/–ની ચોરી કરી ગુન્હો કલ કરી ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ? |
| ૨. | શું હુકમ ? |

(૮) **મુદ્દાઓના નિર્ણય**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**(૯) નિર્ણય માટેના કારણો**

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧) ફરીયાદીનો પુરાવો :–** ફરિયાદપક્ષ તરફથી પંચ સાહેદ રામજીભાઈ રાણાભાઈ માલમ તેમની આંક–૦૮ ની તથા પંચ સાહેદ ભરતભાઈ મસરીભાઈ કામળીયા તેમની આંક–૧૭ ની જુબાનીમાં આંક–૦૯ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

**(૯.૨)** ત્યારબાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૧૦ થી ફરિયાદી જીતેન્દભાઈ પુનાભાઈ ભરડાને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, એકાદ વર્ષ પહેલા દાળમબાપાના મંદિરે ચોરી થયેલી. ચોરીમાં શુ ગયેલ તે તેમને ખબર નથી. આ ચોરી કોણ કરી ગયેલ તે પણ ખબર નથી. દાનપેટીમાંથી ચોરી થયેલી. તેઓએ ફરિયાદ આપેલી. અસલ ફરિયાદમાં તેમની સહી ઓળખી બતાવી આ કામે આંક–૧૧ થી રજુ રાખેલ છે.

સદર ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી. શ્રી ધ્વારા તેઓને ફરી ગયેલ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી. સદર ફરિયાદી બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, દાડમ બાપાના મંદિરે દર્શન કરવા ગયેલા

એટલે ચોરી થયેલી એટલી ખબર પડેલી. ચોરી કોણ કરી ગયેલુ તેનું નામઠામ તેઓએ પોલીસને લખાવેલ નથી કે તેમને ખબર પડેલ નથી.

(૯.૩) ત્યારબાદ પંચ સાહેદ દિનેશભાઈ ભીખાભાઈ ડાકી તેમની આંક–૧૮ ની તથા પંચ સાહેદ વેજાણંદભાઈ કાનાભાઈ ચુડાસમા તેમની આંક–૨૦ ની જુબાનીમાં આંક–૧૯ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

(૯.૪) ત્યારબાદ પંચ સાહેદ જનકભાઈ પુનાભાઈ કીંદરખેડીયા તેમની આંક–૨૧ ની તથા પંચ સાહેદ રમેશભાઈ ખોડાભાઈ સોલંકી તેમની આંક–૩૭ ની જુબાનીમાં આંક–૨૨ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

(૯.૫) ત્યારબાદ પંચ સાહેદ મોહનભાઈ નારણભાઈ વાઘેલા તેમની આંક–૨૩ ની તથા પંચ સાહેદ બચુભાઈ બાબુભાઈ ડાકી તેમની આંક– ૨૫ ની જુબાનીમાં આંક–૨૪ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

(૯.૬) ત્યારબાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૨૬ થી સાહેદ નાથાભાઈ ઉકાભાઈ કેશવાલાને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ

પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ચાર પાંચ વર્ષ પહેલા થલી ગામે આવેલ દાડમ દેવના મંદીરેથી દાનપેટીમાંથી ચોરી થયેલી તેમને ગામ માંથી કોઈ બોલાવા આવેલ તેથી તેઓ ચોરીવાળા સ્થળે ગયેલ ત્યા જોયેલ તો દાનપેટીનું તાળુ તુટેલ હતું ત્યા આજુબાજુમાં ચીલર પડેલ હતી આ અંગે જીતુભાઈ તથા તેઓએ પોલીસને જાણ કરેલી અને પોલીસ બનાવ સ્થળે આવેલી આ બાબતે પોલીસે તેમનું નિવેદન લીધેલ. આ ચોરી અંગે તેઓને તેમના ગામમાં દિનેશભાઈને ત્યાં તેમના કોઈ સગા રોકાયેલા હતા તેણે ચોરી કરેલ હશે તેવી શંકા હતી કારણ કે કોઇએ ગુપમાં વીડીયો મુકેલો અને તે ઇસમે અન્ય જગ્યાએ ચોરી કરેલ હતી તે અંગે માહીતી આપેલી આ ચોરી કોણે કરેલી તે તેઓ ચોકકસ કહી શકે નહી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, થલી ગામ નાનકડુ ગામ છે. ત્યાં કોળી જ્ઞાતી, મેર જ્ઞાતી વિગેરે જ્ઞાતીના લોકો રહે છે અને તેઓ એકબીજાથી પરીચીત હોઈ છે. નાનુ ગામ હોય કોના ધરે કોણ મહેમાન આવ્યુ તેની ખબર હોય. વિડીયો કોણે મુકેલો તેની તેમને ખબર નથી. આ ચોરી કોણે કઇ રીતે કરેલી તેની તેમને જાત માહીતી નથી. અન્ય કઇ જગ્યાએ ચોરી થયેલી તેની તેમને જાત માહીતી નથી.

(૯.૭) વધુમાં આંક–૨૭ થી સાહેદ ગાંગાભાઈ કરશનભાઈ મોકરીયાને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ચાર પાંચ વર્ષ પહેલા થલી ગામે આવેલ દાડમ દેવના મંદીરેથી દાનપેટીમાંથી ચોરી થયેલી આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી તેઓ ચોરી થયેલ તે જોવા ગયેલા તેથી પોલીસે નામ લખી દીધેલ આ સીવાય બીજુ કશું જાણતા નથી. તેઓ બનાવ વાળી જગ્યાએ ગયેલ તો ત્યાં મંદીરમાં પેટી તુટેલ હાલમાં પડેલ હતી કેટલા રુપીયા ચોરી થયેલી તે તેઓ કહી શકે નહી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર તેમનું નામ સરનામું પુછેલ બીજુ કશું પુછેલ નહી. બનાવ તેઓ જોવા ગયેલા તે સીવાય તેઓને માહીતી નથી.

(૯.૮) વધુમાં આંક–૨૮ થી સાહેદ સરમણભાઈ લખમણભાઈ કેશવાલા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ત્રણ ચાર વર્ષ પહેલા બનેલો તેઓ મંદીરમાં અગરબતી કરવા ગયેલા તે વખતે એ વખતે દાડમ દેવના મંદીરે દાનપેટીમાંથી ચોરી થયેલી અને ચીલર વેરવીખેર પડેલ હતું ત્યારબાદ તેઓએ સરપંચને જાણ કરેલી આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી આ સીવાય બીજુ કશું જાણતા નથી. તેઓ બનાવ વાળી જગ્યાએ ગયેલ તો ત્યાં મંદીરમાં પેટી તુટેલ હાલમાં પડેલ હતી કેટલા રુપીયા ચોરી થયેલી તે તેઓ કહી શકે નહી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓ દાડમ દેવના મંદીરે કાયમી અગરબતી કરવા જાય છે તેથી આ બનાવની ખબર પડેલી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી.

(૯.૯) ત્યારબાદ આંક–૨૯ થી સાહેદ રામજીભાઈ દેવશીભાઈ મજેઠીયા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ચાર પાંચ વર્ષ પહેલા બનેલો બનાવ શું બનેલો તેની તેમને ખબર નથી પોલીસે તેમની પુછપરછ કરેલ હોય તેવું બનેલ નહી બધા લોકો જતા હતા તેથી તેઓ મંદીરે ગયેલ તો ત્યાં દાનપેટીમાંથી ચોરી થયેલ હોવાની ખબર પડેલી આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી આ સીવાય બીજુ કશું જાણતો નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી.

**(૯.૧૦)** વધુમાં આંક–૩૦ થી સાહેદ રામભાઈ નગાભાઈ કેશવાલા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે છ સાત વર્ષ પહેલા બનાવ બનેલો તેઓ ખેતરથી આવેલા તે વખતે બધા કહેતા હતા કે મંદીરમાં દાનપેટીમાંથી ચોરી થયેલ છે તેથી તેઓ જોવા ગયેલા અને જોયેલ તો દાનપેટી તુટેલી હતી આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી આ સીવાય બીજુ કશું જાણતા નથી. તેઓ બનાવ વાળી જગ્યાએ ગયેલ તો ત્યાં મંદીરમાં પેટી તુટેલ હાલમાં પડેલ હતી કેટલા રુપીયા ચોરી થયેલી તે તેઓ કહી શકે નહી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી.

**(૯.૧૧)** વધુમાં આંક–૩૧ થી સાહેદ પરબતભાઈ લખમણભાઈ કેશવાલા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે બે ત્રણ વર્ષ પહેલા બનાવ બનેલો તેઓ ખેતરથી આવેલા તે વખતે બધા કહેતા હતા કે મંદિરમાં દાનપેટીમાંથી ચોરી થયેલ છે આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહીં આ સિવાય બીજુ કશું જાણતા નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી.

**(૯.૧૨)** વધુમાં આંક–૩ર થી સાહેદ દિનેશભાઈ રામદેવભાઈ કેશવાલા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ૨૦૨૧ માં બનાવ બનેલો તેઓ ખેતરથી આવેલા તે વખતે બધા કહેતા હતા કે મંદીરમાં દાનપેટીમાંથી ચોરી થયેલ છે તેથી તેઓ જોવા ગયેલા આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી પરંતુ પોલીસ સીમરોલીના મહેશભાઈને થલી ગામે દાડમદેવના મંદીરે પકડીને લાવેલી તે વખતે તેમને બોલાવેલ અને આરોપી તમારા શું સગા થાય છે તે પુછેલ તો તેઓએ જણાવેલ કે તેમના માસીનો જમાઈ થાય છે આ સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી મહેશભાઈ તેમના માસીનો જમાઈ હોય પહેલેથી ઓળખે છે. તેમના માસીની દીકરી ટીનુ રીસામણે છે. પોલીસે તેમનું નામ સરનામું અને ધંધો પુછેલ બીજી કોઈ પુછપરછ કરેલી નહી.

**(૯.૧૩)** વધુમાં આંક–૩૩ થી સાહેદ પ્રવિણભાઈ ખીમાભાઈ કેશવાલા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ચાર પાંચ વર્ષ પહેલા બનાવ બનેલો બનાવમાં ગામ લોકો ધ્વારા જાણવા મળેલ કે દાડમબાપાના મંદીરમાં ચોરી થયેલ છે તેથી તેઓ મંદીરે જોવા ગયેલા જયાં દાનપેટી તુટેલી હાલતમાં હતી આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી આ સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર તેમનું નામ સરનામું પુછેલ બીજુ કશું પુછેલ નહીં.

(૯.૧૪) વધુમાં આંક-૩૪ થી સાહેદ કલ્પેશભાઈ વરજાંગભાઈ કેશવાલા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, આશરે ત્રણ ચાર વર્ષ પહેલા બનાવ બનેલો બનાવમાં ગામ લોકો ધ્વારા જાણવા મળેલ કે દાડમબાપાના મંદીરમાં ચોરી થયેલ છે તેથી તેઓ મંદીરે જોવા ગયેલા જયાં દાનપેટી તુટેલી હાલતમાં હતી આ ચોરી કોણે કરેલી તેની તેમને ખબર નથી પાછળથી પણ જાણવા મળેલ નહી આ સીવાય બીજુ કશું જાણતા નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર તેમનું નામ સરનામું પુછેલ બીજુ કશું પુછેલ નહીં.

(૯.૧૫) ત્યારબાદ આંક-૩૫ થી સાહેદ વિમલભાઈ ઉકાભાઈ વાઢેર ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ શું બનેલો તેની તેમને ખબર નથી મહેશભાઇ ભીખુભાઇ તેમના પિતરાઇ ભાઇ થતા હોય તથા તેની વાડી સદર સાહેદની વાડી પછી આવતી હોય તેમની વાડીએ તેનું સરનામું પુછવા પોલીસ આવેલી તેથી સીવાય તેઓ કશું જાણતા નથી. આ પોલીસ ચોરી બાબતે મહેશને પકડવા આવેલ હોવાનું પાછળથી જાણવા મળેલ. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલી નહી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી મહેશભાઇ તેમના પિતરાઇ ભાઇ થતા હોય તેને ઓળખે છે. પોલીસે તેનું સરનામું પુછેલ તેથી પોલીસ તેને પકડવા આવેલ છે તેની તેમને જાણ થયેલી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નહી.

(૯.૧૬) વધુમાં આંક–૩૬ થી સાહેદ ગૌતમભાઈ મોહનભાઈ ચુડાસમા ને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ આશરે પાંચેક વર્ષ પહેલા બનેલો. તેમની ભાટસીમરોલી ગામે પાન માવાની દુકાન આવેલી છે. ગામમાં પાન માવા લેવા વાળાના નાના મોટા ખાતા તેમની દુકાને ચાલતા હોય છે તેમની દુકાને મહેશભાઈનું અંદાજીત ૮૦૦/–નું ખાતું હતું જે તેઓ ભરી ગયેલા પછી તેઓ આવેલા નહી. ત્યારબાદ થોડા સમય પછી શીલમાંથી જમાદાર આવેલા કહેલ કે તમારુ નામ આવેલ છે કે આ મહેશભાઇએ પૈસા ૮૦૦/– રુપીયા જમા કરાવેલ છે. શીલ પોલીસ સ્ટેશને પોલીસ વાળા આવેલા અને તે વખતે દુકાને તેઓ એકલા હાજર હતા અને પોલીસને રુા. ૮૦૦/– રુપીયા આપેલા આ સીવાય તેઓ કશું જાણતા નથી.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, મહેશભાઈ તેમના ગામના હોય ઓળખે છે. તેમના ગામના ધણા બધા લોકો તેમની દુકાને પાનબીડી અને માવો લેવા માટે આવતા હોય છે અને તે રીતે જ મહેશભાઇ પણ તેમની દુકાને પાન માવો લેવા માટે આવતા હતા. પોલીસે ૮૦૦/– રુપીયા જમા કરાવવાનું કહેતા જમા કરાવી દીધેલ બાકી કશું જાણતા નથી. પોલીસે તેમની બીજી કોઇ પુછપરછ કરેલી નહી. સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે, આ પૈસા મહેશભાઈ જમા કરાવી ગયેલા કે કેમ તે પુછેલ.

(૯.૧૭) ફરિયાદપક્ષ તરફથી પંચ સાહેદ રાજેશભાઈ પરસોતમભાઈ વાઘેલા તેમની આંક–૪૦ ની તથા પંચ સાહેદ કરશનભાઈ લખમણભાઈ પરમાર તેમની આંક–૪૨ ની જુબાનીમાં આંક–૪૧ ના પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવે છે, આ સિવાય પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને હોસ્ટાઈલ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

(૯.૧૮) ત્યારબાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૪૩ થી સાહેદ/ત.ક.અ. વીધી કાંતીભાઈ ઉંજીયાને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેઓ ૨૦૨૧ મા શીલ પો.સ્ટેમા પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતા હતા. આ ગુનાની આગળની સમગ્ર તપાસ પી.એસ.આઇ.શ્રી આર.પી.ચુડાસમા નાઓએ કરેલી. ત્યારબાદ તેઓશ્રીની બદલી થતા તપાસ તેમની તરફ ડેપ્યુટ થતા તેઓએ તપાસ સંભાળી સાધનીક કાગળોનો અભ્યાસ કરતા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામ.કોર્ટમા ચાર્જશીટ કરેલુ. આ કામે બનાવ સ્થળ પરથી લોખંડનો સળીયો તથા તાળુ એફ.એસ.એલ.મા ચકાસણી અર્થે મોકલેલ તે પત્ર બતાવવામા આવે છે જે જોઇને કહે છે કે તેમા તપાસ કરનાર તરીકે આર.પી.ચુડાસમાની સહી છે જે ઓળખે છે જે રવાનગી પત્રને આંક–૪૦ થી રજુ રાખેલ છે. આ પત્ર અન્વયે એફ.એસ.એલ. તરફથી તપાસણી થઇ તા.૨૬/૫/૨૧ ના રોજ પી.એસ.આઈ.શ્રી શીલ પો.સ્ટે.ને ઉદેશીને તપાસણી રીપોર્ટ મોકલેલ જે તપાસણી રીપોર્ટ આ કામે આંક–૪૫ થી રજુ રાખેલ છે. આરોપીને ઓળખે છે જે આજરોજ નામ.કોર્ટમા હાજર છે.

સદર સાહેદ બચાવ પક્ષના વિ.વકીલશ્રી ધ્વારા તેઓની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ ગુનાની ચાર્જશીટ તેઓએ કરેલ છે. એફ.એસ.એલ. રીપોર્ટ પરથી તાળુ તથા સળીયો ચકાસણી માટે એફ.એસ.એલ.મા મોકલી આપેલ છે તેવુ જણાઇ આવે છે. એફ.એસ.એલ. મા ચકાસણી માટે આરોપીના કોઈ ફીંગરપ્રીન્ટ લેવામાં આવેલ નથી. આરોપીના ફીંગરપ્રીન્ટની તાળા તથા સળીયા સાથે સરખામણી ન થાય ત્યા સુધી આરોપીએ ચોરી કરેલ છે કે કેમ તે ચોકકસ કહી શકાય નહીં.

(૯.૧૯) ત્યારબાદ ફરીયાદ પક્ષ ધ્વારા આંક–૪૭ થી સાહેદ રાજેન્દ્રસિંહ પરબતસિંહ ચુડાસમાને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, તેઓ ૨૦૨૧ માં શીલ પો.સ્ટે.માં

પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન થલી ગામે રહેતા જીતેન્દ્રભાઇ ઉર્ફે જીતુભાઇ પુનાભાઇ ભરડા, ઉ.વ.૩૩ વાળાએ પો.સ્ટે. આવી પોતાની ફરીયાદ જાહેર કરતા જે જોતા થલી ગામના દાડમ બાપાના મંદીરમાં ગ્રીલના નકુચા તોડી તાળુ તોડી અંદર રાખેલ દાનની પેટી તોડી અંદરથી આશરે સાતેક હજાર રુપીયાની કોઇ ઇસમ ગઇ તારીખ : ૧૬/૦૨/૨૦૨૧ કલાક ૧૯–૩૦ થી તા. ૧૭/૦૨/૨૦૨૧ ના કલાક ૭–૩૦ દરમ્યાન ચોરી કરી લઇ ગયેલાની હકીકત જણાવતા શીલ પો.સ્ટે. ગુના રજી.નં. ૬૭/૨૦૨૧, આઇપીસીની કલમ–૪૫૪,૪૫૭,૩૮૦ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ તેઓએ હાથ ધરી બનાવ વાળી જગ્યાએ જઇ પંચો રુબરુ ગુના વાળી જગ્યાનું પંચનામું કરી લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધા, બાદ ખાનગી બાતમી રાહે હકીકત મળેલ કે આ ગામમાં મહેશ ઉર્ફે મચલો વાઢેર પોતાના સગાને ત્યાં આવેલો અને આવુ કૃત્ય કરેલ હોવાની શંકા વ્યકત થતા સદર ઇસમને પકડી એનકેન ઉલટ સુલટ પુછપરછ કરતા સદર ઇસમે ચોરી કરેલાની કબુલાત આપતા પંચો રુબરુ ધોરણસર અટક કરી તેની પાસેથી રોકડા રુા. ૭૦૬૦/– તથા એક હીરો હોન્ડા મો.સા. કિ.રુા.૧૦,૦૦૦/– તથા એક ફોન કિ.રુા.૫૦૦/–નો મળી આવેલ જે પંચો રુબરુ પંચનામાની વિગતે કબજે કરી આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરી દિન–૨ના રીમાન્ડ માંગેલા. આ ગુનાના કામે સ્થળ પરીક્ષણ માટે એફએસએલને જાણ કરેલ અને તેઓએ આપેલ સુચના મુજબ સ્થળ ઉપરથી તાળુ તથા સળીયો એફ.એસ.એલ.માં ચકાસણી અર્થે મોકલેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. ધણો લાંબો સમય થઇ ગયેલ હોય આરોપીને જોઇએ ઓળખી શકે નહી.

બચાવ પક્ષના વિ.વકીલશ્રીએ તેઓની કરેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે અટક અને મુદામાલ કબજે કર્યાના પંચો શીલ પો.સ્ટે.ના રેગ્યુલર પંચો છે.

**<u>પુરાવાનું મુલ્યાંકનઃ–</u>**

(૧૦) આમ, ફરીયાદ પક્ષનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે ફરીયાદીનો પુરાવો ધ્યાને લેતાં તેઓએ ફરિયાદ હકીકતને સમર્થન કરેલ નથી તથા ફરી ગયેલા જાહેર થયેલ છે. તેમજ પંચ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ પણ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ ફરી ગયેલા પંચો જાહેર થયેલ છે. ત્યારબાદ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોએ સોગંદ ઉપર એવી હકીકત જણાવેલ છે કે, જયારે તેઓ બનાવ સ્થળે ગયેલ ત્યારે દાનપેટી તુટેલી હાલતમાં હતી તેમજ ચોરી કોણ કરી ગયેલ તેની તેઓને ખબર નથી તથા પાછળથી જાણવા મળેલ નહીં. તેમજ દાનપેટીમાંથી કેટલા રૂપિયાની ચોરી થયેલી તે તેઓ કહી શકે નહીં. વધુમાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરિયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે. પરંતુ બચાવપક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એફ.એસ.એલ. રીપોર્ટ પરથી તાળુ તથા સળીયો ચકાસણી માટે એફ.એસ.એલ.મા મોકલી આપેલ છે તેવુ જણાઇ આવે છે. એફ.એસ.એલ. મા ચકાસણી માટે આરોપીના કોઈ ફીંગરપ્રીન્ટ લેવામાં આવેલ નથી. આરોપીના ફીંગરપ્રીન્ટની તાળા તથા સળીયા સાથે સરખામણી ન થાય ત્યા સુધી આરોપીએ ચોરી કરેલ છે કે કેમ તે ચોકકસ કહી શકાય નહીં. આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં માંગરોળ તાલુકાના થલી ગામમાં દાડમબાપાના મંદીરની દાનપેટીમાંથી દાનની રકમની ચોરી થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ આ ચોરી હાલના આરોપી ધ્વારા કરવામાં આવેલ હોય તેવું ફરિયાદી કે એક પણ સાક્ષીની જુબનીથી બહાર આવતુ નથી. બનાવ વાળા સ્થળેથી તાળુ તથા લોખંડનો સળીયો ચકાસણી માટે એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ અને તે અંગેનો એફ.એસ.એલ.નો રીપોર્ટ આંક-૪૫ થી રજુ થયેલ છે. પરંતુ આ તાળા અને સળીયા ઉપર આરોપીના ફીંગરપ્રીન્ટ હતા કે કેમ તેની તપાસ માટે આરોપીના ફીંગરપ્રીન્ટ લેવામાં આવેલા નથી અને આંક-૪૫ ના રીપોર્ટ

મુજબ તાળા અને સળીયા ઉપર રોજીંદા ઘસારા ઉપરાંત વધારાના ઘસારાની હાજરી જણાયેલ તેવો અભિપ્રાય આવેલ છે. પરંતુ તેના આધારે હાલના આરોપીએ તે લોખંડના સળીયા ધ્વારા તાળુ તોડી દાનપેટી ખોલી ચોરી કરેલ હોવાની લેશમાત્ર હકીકત સાબિત થતી નથી.

(૧૧) આમ ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે તપાસેલ ફરીયાદી તથા સાહેદના પુરાવાથી ફરીયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરીયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત ફલિત થતી નથી. જેથી ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો પુરવાર થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીએ ગઈ તા.૧૭/ ૦૨/ ૨૦૨૧ ના કલાક–૦૪/૦૦ વાગ્યાની આસપાસ આ કામના આરોપીએ માંગરોળ તાલુકાના થલીગામમા દાડમબાપાના મંદિરમા ગે.કા. પ્રવેશ કરી મંદિરની દાનપેટીમા દાન પેટે શ્રધ્ધાળુઓ ધ્વારા ધરવામાં/મુકવામાં આવેલ રોકડા રૂપિયા ૭,૪૬૦/–ની ચોરી કરી ગુન્હો કરી ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭, ૩૮૦ અન્વયેનો આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો કેસ નિ:શંકપણે સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ છે.

(૧૨) તદઉપરાંત નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના **ભલીન્દરસીંગ ઉર્ફે રાજુ વિરૂધ્ધ સ્ટેટ ઓફ પંજાબ, ૧૯૯૪, ક્રિમિનલ લો જરનલ, એસ.સી. પાના નં. ૬૨,** ઉપર દર્શાવેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે “Prosecution has to establish his case on its own legs. Weakness of defence can not be used as circumstances in favour of prosecution.” તેમજ **ભારતીય પુરાવા અધિનિયમ કાયદાની કલમ–**

**૧૦૧** ની જોગવાઈ જોવામાં આવે તો ''જે એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીનાં અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ ન્યાયાલય ફેંસલો આપે તો તેણે સાબિત કરવું પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનું અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે એમ કહેવાય.'' તે પ્રમાણે અન્ય એક ચુકાદો **શિવ ચરણસિંહ વિરૂધ્ધ ચંદ્રભાણ, એ.આઈ.આર. – ૧૯૯૮, સુ.કો. પાના નં. ૬૩૭** માં પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જે પક્ષકાર ઉપર સાબિતીનો બોજો હોય તેણે સફળ થવા માટે નિ:શંકપણે કેસ સાબિત કરવો જોઈએ અને તેમ કરવામાં નિષ્ફળ જાય તો તેઓ પ્રતિસ્પર્ધીનાં કેસની નબળાઈનો લાભ ઉઠાવી શકતા નથી. તેણે તેના પોતાના હકકના આધારે સફળ થવું જોઈએ અને પોતાના કેસની સ્પષ્ટ સાબિતી આપવી જોઈએ. હાલના કેસમાં પણ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો ગુનો નિ:શંક રીતે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. તેથી ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત અનુસાર હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૧૩)** આમ ઉપરોકત ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ મૌખિક પુરાવો તથા રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાનું પુરાવાકિય મૂલ્યાંકન કરતા ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપીત ગુના નિ:શંકપણે સાબિત કરવામાં સફળ રહેલ ન હોય, **મુદા નં.૧** નો નિર્ણય **નકારમાં** ઠરાવી **મુદા નં.ર** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: <u>આ ખ રી હુ ક મ</u> ::–**

(એ) આ કામના આરોપી મહેશ ઉર્ફે મચલો ભીખાભાઈ વાઢેર, રહે. ભાટ સીમરોલી, તા. કેશોદ, જિ.જૂનાગઢ નાઓને તેઓ વિરૂધ્ધ આક્ષેપીત ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૪૫૪, ૪૫૭ તથા ૩૮૦ મુજબના શિક્ષાને પાત્ર ગુનાના આરોપમાંથી ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૪૮(૧) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(બી) આ કામે કબજે કરેલ મુદ્દામાલનો અગાઉ કોઈ હુકમ થયેલ હોય તો કાયમ કરવામાં આવે છે અન્યથા કિંમતી મુદ્દામાલ સરકાર ખાલસા કરવાનો તથા અન્ય મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(સી) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપી એ અપીલ સમય સુધીના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ તારીખ : ૧૪, માહે : ઓગસ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

મુ.માંગરોળ.
તા. ૧૪/૦૮/૨૦૨૬.

(એસ.પી.ચોપરા)
જ્યુડિશ્યલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
માંગરોળ
**કોડ જીજે ૦૧૩૭૭.**